# ધોરણ - 7 સંસ્કૃત

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
| --- | --- | --- |
| શ્રવણ | | |
| Sn701 સરળ પદ્યો (સુભાષિતો પ્રહેલિકા અને ગીતો) તેમજ ટૂંકી અને સરળ ચિત્રવાર્તાઓ સાંભળીને સમજે છે. | વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસારનાં<br>• સુભાષિતો<br>• પ્રહેલિકાઓ<br>• ગીતો<br>• ટૂંકી સરળ ચિત્રવાર્તા | • ટેપ, ડીવીડી, કમ્પ્યુટર, મોબાઈલ દ્વારા ગીતો, સુભાષિતો તથા શ્લોકો વગેરેના ગાન અને શ્રવણનો મહાવરો કરાવવો.<br>• સાદી સૂચનાઓ, રોજિંદા શિષ્ટાચાર, ટૂંકી વાતચીત અને સંવાદ જેવી બાબતોને સંસ્કૃતમાં રજૂ કરી શ્રવણ અનુભવ પુરા પાડવા. દા.ત. નમસ્કારઃ \| ઉપવિશતુ \|<br>• સંસ્કૃત ગીતો, સુભાષિતો, શ્લોકો તથા મંત્ર વગેરેનું ગાન અને પઠન શુદ્ધ ઉચ્ચારણ સાથે વર્ગમાં તથા પ્રાર્થના સભામાં કરાવવું.<br>• ટી.વી. અને રેડિયોમાં આવતા સંસ્કૃત ભાષાના સમાચારનું શ્રવણ કરાવવું.<br>• બાળગીતો, જોડકણા એમજ મનોરંજક કથાઓ, ટુચકાઓ દ્વારા શ્રવણ કૌશલ્ય નો અનુભવ પૂરો પાડવો.<br>• ચિત્ર વાર્તાની અભિનય સાથે રજૂઆત (નાટયીકરણ)<br>• ચિત્રોને વાર્તાના યોગ્ય ક્રમમા ગોઠવણી કરાવવી.<br>• સાદી સૂચનાઓ, આદેશો,પ્રશ્નોત્તરીની ક્રિયાઓ અભિનય સાથે કરાવવી.<br>• ફ્લેશ કાર્ડ, ભીત ચિત્રો, ચિત્રોનો ઉપયોગ કરીને તેમજ અભિનય સાથે રજૂઆત કરીને વસ્તુઓ નો પરિચય તથા ભાષા કૌશલ્ય વિકાસ માટે ઉપયોગ કરવો.<br>• ૧ થી ૫૦ સુધીની સંખ્યાની ફ્લેશ કાર્ડ દ્વારા અંક અને શબ્દોમાં સમજ.<br>• ભાષાક્રીડા 'કતિ રે કતિ ...' રમત રમાડવી. (શિક્ષક આવૃત્તિપાનાં નં- ૨૦ )<br>• ૧૦- ૧૦ ના સમૂહમાં સંખ્યાનો મહાવરો કરાવવો. |
| Sn702 પરિચિત પરિસ્થિતિમાં સાદી સૂચનાઓ, આદેશો અને પ્રશ્નો સાંભળીને સમજે છે. | • પરિચિત સાદી સૂચનાઓ<br>• આદેશયુક્ત સૂચનાઓ<br>• પ્રશ્નોતરી | |
| Sn703 ટૂંકી વાતચીત અને સંવાદ સાંભળીને સમજે છે. | • ટૂંકી વાતચીત<br>• નાના નાના સંવાદ | |
| Sn704 1 થી 50 સુધીની સંખ્યા સાંભળીને સમજે છે. | • ૧ થી ૫૦ સુધીની સંખ્યાની સમજ | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| Sn705 પા, અડધા અને પોણા કલાક સાથેનો સમય સાંભળીને સમજે છે. | • પા, અડધા અને પોણા મુજબ સમયનું શ્રવણ | • સંસ્કૃત શબ્દ અને અંકની જોડ બનાવવાની પ્રવૃત્તિ કરાવવી.<br>• સંસ્કૃતમાં હાજરી પુરવી.<br>• ‘૫ (પાંચ) ના ગુણાંકમા જયતુ સંસ્કૃતમ’ બોલો રમત રમાડવી.<br>• ઘડિયાળની મદદ દ્વારા સવા,અડધા અને પોણા કલાકનો ક્રમશઃ પરિચય કરાવવો.<br>• શિક્ષક સમય ઘડિયાળમાં ગોઠવી કથન કરી વિદ્યાર્થીઓને શ્રવણનો મહાવરો કરાવવો. |
| **કથન** | | |
| Sn706 સરળ પદ્યો (સુભાષિતો પ્રહેલિકા અને ગીતો) નો શુદ્ધ પાઠ કરે છે., તેમજ ટૂંકી અને સરળ ચિત્ર વાર્તાઓ કહે છે. | વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસારના<br>• સુભાષિતો<br>• પ્રહેલિકાઓ<br>• ગીતોનું શુદ્ધ ઉચ્ચારણ<br>• સરળ ચિત્રવાર્તાનું કથન | • સુભાષિતો તથા શ્લોકો વગેરેના ગાન અને પઠન સ્પર્ધાનું આયોજન કરવું.<br>• વર્ગખંડમાં વિદ્યાર્થીને બોલવાનો પુરતો અવકાશ મળે તેવી વ્યવસ્થા કરવી. જેમકે પ્રાર્થના સભામાં મંત્રો, શ્લોકોનું વ્યક્તિગત તેમજ સમૂહ ગાન પઠન તથા ટૂંકી વાર્તા કથન કરાવવું.<br>• મૌખિક અભિવ્યક્તિના વિકાસ માટે દ્રશ્ય-શ્રાવ્ય સાધનો, ચિત્રો તેમજ અન્ય સાધનોનો ઉપયોગ કરવો. |
| Sn707 ચિત્રો અને અભિનયનો ઉપયોગ કરીને પૂછાયેલા દૈનિક વ્યવહારના પ્રશ્નોના જવાબ શક્યતઃ સંસ્કૃતમાં આપે છે. | • ચિત્ર અને અભિનય સાથે સંસ્કૃતમાં પ્રશ્નોતરી | • ચિત્ર આધારિત વાર્તા કથન કરાવવું.<br>• ચિત્ર વાર્તાનું નાટયીકરણ કરાવવું.<br>• વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે શિક્ષકે વાર્તાલાપ કરવો. કિમ, કદા,કુત્ર જેવા પ્રશ્નવાચક સર્વનામનો ઉપયોગ કરી ઉત્તર આપવા પ્રેરવા.<br>• બે જૂથ પાડીને તેમાં સામસામે સાદા પ્રશ્નો પૂછવાની અને ઉત્તરો મેળવવાની સ્પર્ધા કે રમત કથન કૌશલ્ય ના વિકાસ માટે યોજવી. |
| Sn708 પરિચિત પરિસ્થિતિમાં ટૂંકી વાતચીત અને સંવાદ કરે છે. | • પરિચિત પરિસ્થિતિમાં ટૂંકી વાતચીત અને સંવાદ | • ચિત્ર આધારિત પ્રશ્નોતરી કરવી.<br>• પરિચિત પરિસ્થિતિમાં દૈનિક, વ્યવહારિક, ટૂંકી વાતચીત અને સંવાદ પ્રાર્થના/વર્ગખંડમાં રજૂ કરાવવા. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| | | • વિદ્યાર્થીઓ પોતાનો પરિચય, પોતાના પરિવારના સભ્યો અંગે ની માહિતી, વર્ગ સમક્ષ રજૂ કરે તેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવો.<br>• વિસર્ગ, હલંત, અનુનાસિક, હ્રસ્વ-દીર્ઘ અને જોડાક્ષરોના શુધ્ધ ઉચ્ચારણનો મહાવરો કરાવવો.<br>• ૧ થી ૫૦ સુધીની સંખ્યાની ફ્લેશ કાર્ડ દ્વારા અંક અને શબ્દમાં સમજ સાથે મહાવરો.<br>• ૫ ના ગુણાંકમાં વન્દે માતરમ બોલોની રમત રમાડવી.<br>• શિક્ષક ઘડિયાળમાં સમય ગોઠવે અને વિદ્યાર્થીઓ જવાબ આપે.(પા,અડધા અને પોણા)<br>• ભાષાક્રીડા 'શૃગાલભ્રાતા શૃગાલભ્રાતા કઃ સમયઃ ?' રમત રમાડવી.<br>• પા, અડધા, પોણા સમયનું ક્રમશઃ કથન કરાવવું.... |
| Sn709 1 થી 50 સુધીની સંખ્યા સમજીને બોલે છે. | • ૧ થી ૫૦ સુધીની સંખ્યાનું કથન | |
| Sn710 પા, અડધા અને પોણા કલાક સાથેના સમયનું કથન કરે છે. | • પા,અડધા અને પોણા સમયનું કથન | |
| વાંચન | | |
| Sn711 સાદા તથા જોડાક્ષર યુક્ત શબ્દો અને વાક્યોનું સસ્વર વાંચન કરે છે. અને સમજે છે. | વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસારના<br>• સાદા જોડાક્ષરયુક્ત શબ્દો અને વાકયોનું વાંચન | • શિક્ષક વિદ્યાર્થીઓ પાસે નામપદ અને ક્રિયાપદ તેમજ જોડાક્ષર વાળા વાકયોનું સસ્વર વાંચન કરાવશે.<br>• સુભાષિતો તથા શ્લોકો વગેરેના ગાન અને પઠન સ્પર્ધાનું આયોજન કરવું.<br>• બે મિત્રો વચ્ચે, વેપારી અને ગ્રાહક વચ્ચેના વાર્તાલાપો તૈયાર કરી તેનું વાંચન રોલ પ્લેના સ્વરૂપમાં કરાવવું.<br>• વાંચનક્ષમતાના વિકાસ માટે ઉપયોગી હોય તેવી ભાષા રમતો વર્ગખંડમાં મુક્ત રીતે રમાડવી. જેમકે, જાદુઈ કોથળીમાંથી ચિઠ્ઠી ઉપાડી જે શબ્દ કે વાક્ય આવે તે વાંચી સંભળાવવું.<br>• ક્રિયાપદોના ફ્લેશ કાર્ડ બતાવવા, વિદ્યાર્થીઓ તેને વાંચે અને સમૂહમાં તે પ્રમાણે ક્રિયા કરે.<br>• વર્ગ અને શાળા કક્ષાએ આદર્શ વાંચન ની સ્પર્ધા યોજવી.<br>• વાંચન રુચિ જગાડવા ફલક પર નાના નાના સુભાષિતો લખીને તેનું |
| Sn.7.12 સાદા, સરળ જોડાક્ષર યુક્ત શબ્દો સાથેના ગેય સુભાષિતો અને ગીતોનુ લયબદ્ધ પઠન કરે છે. અને ગાન કરે છે. | • સરળ જોડાક્ષરયુક્ત સુભાષિતો, ગીતોનું પઠન | |
| Sn713 1 થી 50 સુધીની સંખ્યા વાંચે છે. | • ૧ થી ૫૦ સુધીની સંખ્યાનું પઠન | |
| Sn714 ઘડિયાળમાં જોઇને પા, અડધા અને પોણા કલાક સાથેના વાંચન કરે છે. | • પા,અડધા અને પોણા કલાકના સમયનું પઠન | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| | | વાંચન અને ગાન કરાવવું.<br>• ૧ થી ૫૦ સુધીની સંખ્યાનું વ્યક્તિગત અને સમૂહમાં વાંચન કરાવશે.<br>• ૫ ના ગુણાંકમાં વન્દે માતરમ બોલોની રમત રમાડવી.<br>• પા,અડધા અને પોણા કલાકના સમયનું ઘડિયાળ દ્વારા પઠન કરાવશે. |
| **લેખન** | | |
| Sn715 સરળ જોડાક્ષર યુક્ત શબ્દોનુ અનુલેખન કરે છે. | વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસારના<br>• જોડાક્ષરયુક્ત શબ્દોનું અનુલેખન | • વિદ્યાર્થીઓ અંક કાર્ડ અને શબ્દ કાર્ડને જોડી લેખન કરે.<br>• જોડાક્ષરોના અનુલેખનની પ્રવૃત્તિ કરાવવી. ખાસ કરીને દેવનાગરી લિપિમાં કેટલાક સંયુક્તાક્ષરો વિશિષ્ટ રીતે લખાય છે. જેનો મહાવરો કરાવવો. જેમકે... ફ્લેશ કાર્ડ તથા ચાર્ટમાં ભૂલો થવાની સંભાવના હોય તેવા શબ્દો બતાવવા તથા બાદમાં તેનું શ્રુતલેખન કરાવવું.<br>• શ્રુતલેખન દ્વારા અંકોને શીઘ્રતાથી લખવા, જોડી કાર્યમાં ઝડપી શબ્દ લખવા ની સ્પર્ધા, સુભાષિત લેખન સ્પર્ધા યોજવી.<br>• લેખનકાર્યમાં ચોકસાઈ માટે બુલેટિન બોર્ડમાં સંસ્કૃત ભાષાના સરળ સુભાષિતો અને સૂક્તિઓ લખાવવી.<br>• ૧ થી ૫૦ સુધીની સંખ્યાનું વ્યક્તિગત લેખન કરાવવું.<br>• સંખ્યાજ્ઞાન માટે રમતો રમાડવી. (સંખ્યા ઓળખ માટેની રમતો જેવી કે, જે તે સંખ્યા લખેલું કાર્ડ ઉપાડીને એ સંખ્યાને કાળા પાટિયા પર લખવી.<br>• પા, અડધા અને પોણા કલાકના સમયનું ઘડિયાળ દ્વારા પઠન અને લેખન કરાવવું.<br>• દૈનિક વ્યવહાર સંબંધી વાક્યો ગુજરાતીમાંથી સંસ્કૃતમાં અનુવાદ કરવાનો અભ્યાસ કરાવવો.<br>• કંઠસ્થ કરેલા સુભાષિતોનું લેખન કરાવવાનો અભ્યાસ કરાવવો.<br>• ચિત્રો ઉપરથી સંસ્કૃતમાં સરળ વાક્ય લેખન માટે પ્રેરવા. |
| Sn716 સરળ જોડાક્ષર યુક્ત શબ્દો સાથેના વાક્યોનુ અનુલેખન કરે છે. | • જોડાક્ષરયુક્ત વાકયોનું અનુલેખન | |
| Sn717 સરળ જોડાક્ષર યુક્ત શબ્દોનું શ્રુતલેખન કરે છે. | • સાદા જોડાક્ષરયુક્ત શબ્દોનું શ્રુતલેખન | |
| Sn718 સરળ જોડાક્ષર યુક્ત શબ્દો સાથેના વાક્યોનું શ્રુતલેખન કરે છે. | • સરળ જોડાક્ષરયુક્ત વાકયોનું શ્રુતલેખન | |
| Sn719 પાઠ્યપુસ્તકના આધારે તેમજ વ્યવહારિક ભાષા, ફકરા, કાવ્યપંક્તિ વગેરેના આધારે પૂછે.લા પ્રશ્નોના જવાબ સંસ્કૃતમાં લખે છે. | • સાદા પ્રશ્નોનાં જવાબનું સંસ્કૃતમાં લેખન | |
| Sn720 1 થી 50 સુધીની સંખ્યા શબ્દોમાં અને અંકોમાં લખે છે. | • ૧ થી ૫૦ સુધીની સંખ્યા લેખન | |
| Sn721 પા, અડધા અને પોણા કલાક સાથેની સંખ્યામાં સમયનું લેખન શબ્દોમાં અને અંકોમાં કરે છે. | • પા, અડધા અને પોણા કલાકના સમયનું લેખન | |
| Sn722 સરળ ગુજરાતી શબ્દો તથા વાક્યોનો સંસ્કૃતમાં અનુવાદ કરે છે. | • ગુજરાતી શબ્દો તથા વાકયોનો સંસ્કૃતમાં અનુવાદ | |
| Sn723 ચિત્રોના આધારે તે વસ્તુઓનું નામ કે ક્રિયા ઓળખે અને સંસ્કૃતમાં લખે છે. | • ચિત્ર અને ક્રિયા આધારિત શબ્દ લેખન | |
| Sn724 ચિત્રો, સારણી, કોષ્ટક, સમયપત્રક, જાહેરાત વગેરેના આધારે સંસ્કૃતમાં વાક્યો લખી શકે છે. અને પૂછાયેલા સાદા પ્રશ્નોના | • ચિત્ર અને સારણી વગેરે આધારિત વાક્ય લેખન અને પ્રશ્નોત્તરી | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| જવાબ આપી શકે છે. | | |
| Sn725 ઉદાહરણ અથવા આપેલ નિર્દેશને આધારે સંસ્કૃત ભાષામાં નવા શબ્દો અને વાક્યોની રચના કરે છે. | • નવા શબ્દોનું/વાક્યોનું સર્જન અને લેખન | |
| Sn726 કંઠસ્થ કરેલ સુભાષિત કે પદ્યના કોઈ ભાગનું લેખન કરે છે. | • કંઠસ્થ સુભાષિત કે પદનુ લેખન | |
| **ભાવાત્મક વિકાસ** | | |
| Sn727 પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુના આધારે ભારતીય સંસ્કૃતિના સનાતન મૂલ્યો અંગે જાગૃત થશે. તેમજ તેના પાલન માટે તત્પરતા કેળવે છે.<br>(ધોરણ 6 ની યાદી ઉપરાંત ધૈર્ય, વડીલો પ્રત્યે આદર, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ, પ્રકૃતિની જાળવણી વગેરે...) | • દીપપ્રાગટ્ય દ્વારા જન્મદિવસની ઉજવણી<br>• મૂલ્યસંવર્ધન માટેના પૌરાણિક નાટકો. | • ભારતીય સંસ્કૃતિના સનાતન મૂલ્યોના વિકાસ માટે પ્રાર્થના સભા, સાંસ્કૃતિક કાર્યક્રમો અને ઉત્સવોની ઉજવણી તથા વર્ગખંડમાં મહાપુરુષોના જીવન પ્રસંગની વાર્તા, નાટ્યીકરણ, સંવાદ, એક પાત્રીય અભિનય અને રોલ પ્લે જેવી પ્રવૃત્તિ કરાવવી. |
| Sn728 પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ સુભાષિતો તેમજ શ્લોકો અંગે સભાનતા કેળવે છે. અને વ્યવહારમાં ઉપયોગ કરે છે. | • રોજબરોજની દિનચર્યામાં શ્લોકોનો સમાવેશ, | |
| Sn729 વિવિધ ઉત્સવોની ઉજવણીમાં ભારતીય પરંપરાઓના પાલન માટે પ્રતિબદ્ધ બનશે. | • માતૃ-પિતૃ દિનની ઉજવણી<br>• મહાપુરુષોના ચરિત્રો કહેવા.<br>• વિદ્યાર્થીની મૂલ્યનિષ્ઠાને સમૂહમાં બિરદાવવી. | |

DRAFT